©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] TUESDAY, 06th JANUARY, 2026/PAUSHA 16, 1947 [No. 155

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ અને

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯,

[જુઓ નિયમ-૨૬(૯)]

નગર રચના યોજના નં.૫ (બારડોલી)

પ્રારંભિક યોજના

નં. નરયો./નં.૫(બારડોલી)/પ્રા.યો./જનરલ/.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ-(૧) ની જોગવાઈઓ અનુસાર તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯, ના નિયમ-૨૬(૯) અનુસાર મે તા-૨૨/૧૨/૨૦૨૫ ને સોમવાર ના રોજ નગર રચના અધિકારી તરીકેના મારા પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૫૨(૨) તેમજ કલમ-૬૪ની જોગવાઈઓ અનુસાર, સદર પ્રારંભિક યોજના સરકારશ્રીની મંજૂરી અર્થે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯, નિયમ-૨૬(૯)ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ(ખંડ) માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમુનો-'ઠ'ની નકલ આ યોજના વિસ્તારમાં સમાવિષ્ટ સંબંધિત જમીન માલિકોને તેમજ હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત પ્રારંભિક યોજનાની તમામ માહિતી, નિર્ણયો અને નકશાઓની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં જાહેર રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. તેમજ તે સમજાવવાની જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

સ્થળ : બારડોલી

તા. ૨૨-૧૨-૨૦૨૫

ટી.આર.પટેલ
નગર રચના અધિકારી
નગર રચના યોજના,
બારડોલી

સરનામું :

નગર રચના અધિકારીશ્રીની કચેરી,
નગર રચના યોજના, બારડોલી,
પ્રથમ માળ, જુની નગર પાલિકાની કચેરી,
ઉપલી બજાર, પોસ્ટ ઓફિસની બાજુમાં,
બારડોલી-૩૯૪૬૦૧.
Email : tpo-udd-brdo@gujarat.gov.in

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.01.08 15:44:28 IST